ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૨૮૭ તારીખ ૦૪-૦૮-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા




# મિડકેપ શેરોમાં **હિંદુસ્તાન ઝીંક**નો શેર મેજર અપટ્રેન્ડમાં

નિફ્ટીના શેરોમાં રૂ. ૨૩૬ ઉપરના **અદાણી પોર્ટ**માં તેજીનું ધ્યાન છે. અને જે રીતે નવું બંદર ડેવલપ કરવાનો હક્ક મળ્યો છે તે પાછળ આવતાં થોડાં દિવસોમાં રૂ. ૨૫૧નો ભાવ મળે તો નવાઈ નહીં લાગે. તેવી જ રીતે **ઈન્ડસઈન્ડ બેન્ક**ના શેરમાં પણ પરિણામના મજબૂત સપોર્ટ સાથે ભાવ ઝડપથી વધવા લાગ્યા છે અને શોર્ટટર્મમાં જ રૂ. ૧૦૦નું પત્તું બતાવી દેવાની ગણતરી છે. સ્પાર્ક પ્લગનું ઉત્પાદન કરતી **બોશ**નો શેર અત્યારે રૂ. ૨૪૯૭૦ ઉપર છે અને તેમાં પણ આવતાં થોડાં દિવસોમાં રૂ. ૫૦૦થી રૂ. ૭૦૦ વધવાની જગ્યા છે. તેવી જ રીતે **ટાટા સ્ટીલ** શોર્ટટર્મ રિટર્ન માટે ધ્યાનમાં રખાય. રૂ. ૩૬૦ ઉપર આવી ગયેલા આ શેરમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૪૦૦નું લેવલ પસાર થવાની સંભાવના મજબૂત છે.

રૂ. ૧૨૪૫ ઉપરની **એચડીએફસી બેન્ક**માં પણ મજબૂત તેજીનો તબક્કો છે. થોડાંક શેર હજી પણ લઈ શકાય અને આગામી દિવસોમાં તેમાં રૂ. ૧૩૫૦નો ભાવ આવવાની સંભાવના જોવાય છે.

**આઇડિયા** અત્યારે શોર્ટટર્મ નબળાઈના તબક્કામાં છે. રૂ. ૧૦૪વાળો આ શેર આવતાં થોડાં દિવસોમાં રૂ. ૧૦૦ની અંદર ઉતરી જાય તોપણ નવાઈ નહીં લાગે.

ક્રૂડના ભાવ ફરી એક વખત ઘટી રહ્યા હોવાથી એરલાઈન્સ શેરો ઉપર એકદમ પોઝિટીવ અસર થઈ છે અને **જેટ એરવેઝ** ૨૫ લાખ શેરોના વોલ્યુમ સાથે અત્યારે રૂ. ૬૨૦ ઉપર મળી રહ્યો છે અને મુંબઈના ખેલાડીઓ જેટ એરવેઝમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૬૫૫-૬૬૦નો ભાવ આવવાની સંભાવના જુએ છે અને તેવી જ રીતે **ઈન્ડિગો એરલાઈન્સ**ના શેરમાં પણ લેવાલી વધી છે.

રૂ. ૧૨૩ના ભાવે **ધામપુર સુગર**નો શેર પણ ધ્યાનમાં રખાય. ધામપુર સુગર, **શક્તિ સુગર** આ બંને શેરોમાં આગામી દિવસોમાં મજબૂત ઉછાળો જોવાય તેવી ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ હવે રૂ. ૫૩ના ભાવે મળતાં **સોના સ્ટિયરીંગ**ના શેર ઉપર શિફ્ટ થયું છે. તમામ આધુનિક કાર માટે આ કંપની સ્ટિયરિંગ સિસ્ટમ સપ્લાય કરે છે અને રૂ. ૫૩માં મળતો આ શેર આવતાં થોડાં અઠવાડિયામાં રૂ. ૭૦નો ભાવ બતાવી દે તો નવાઈ નહીં લાગે.

રૂ. ૪૨-૪૩ના ભાવે **કેસીપી સુગર**ના શેરમાં પણ આકર્ષણ જોવાય છે અને તેમાં નાનું રોકાણ કરી શકાય.

જ્યારે **બલરામપુર ચીની** અત્યારે રૂ. ૧૩૩ ઉપર છે અને આગામી દિવસોમાં તે શેરમાં મજબૂત તેજીની જગ્યા છે.

રૂ. ૩૩૦ના ભાવે **મુથુટ ફિનાન્સ**નો શેર હવે સારો એવો વધી ગયો છે અને તેમાં પ્રોફીટ બુકીંગ શરૂ કરી દેવાય. આવો ઉંચો ભાવ કેટલો ટકશે તે પણ એક પ્રશ્ન છે.

> **એસીસી, અંબુજા સિમેન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ** અને **બિરલાકોર્પ**ના શેરો આગામી દિવસોમાં ઝડપથી વધશે

છેક રૂ. ૧૪૦૦ સુધી ઉતરી ગયેલા **લ્યુપિન**માં શેર કવર કરવાનું ઘણાં સમયથી દર્શાવીએ છીએ. રૂ. ૧૭૪૦ના ભાવે લ્યુપિન શોર્ટટર્મ એંગલથી કવર કરી શકાય અને ઝડપી ઉછાળા સાથે રૂ. ૧૮૦૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે રૂ. ૧૪૫માં મળતા **ભેલ**ના શેરમાં મેજર અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે અને તેથી રોકાણ જાળવી શકાય.

સિમેન્ટનું ઉત્પાદન કરતી ૪ કંપનીઓ અત્યારે તેજીની પક્કડમાં છે. **એસીસી, અંબુજા સિમેન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ** અને **બિરલાકોર્પ**ના શેરો આગામી દિવસોમાં ઝડપથી વધશે અને તેમાં મજબૂત ઉછાળો અંબુજા સિમેન્ટ અને એસીસીમાં જોવાવાની તૈયારી છે. આવતાં થોડાં દિવસોમાં એસીસી અને અંબુજા સિમેન્ટનું મર્જર જાહેર થવાની અપેક્ષા સાથે આ બંને શેરોમાં મેજર અપટ્રેન્ડ આગળ વધી રહ્યો છે. પરંતુ આ મર્જર અંબુજા સિમેન્ટ માટે વધારે ફાયદાકારક રહેશે તે ગણતરીએ તે શેર ઉપર ફોકસ કરાય. તેવી જ રીતે **ઈન્ડિયા સિમેન્ટ**નો શેર પણ મજબૂત તેજીમાં આગળ વધી રહ્યો છે અને તેમાં પણ રોકાણ જાળવી શકાય. **ટીસીએસ** મેજર અપટ્રેન્ડમાં દાખલ થઈ ગયો છે અને સોમવારની સેશનમાં ટીસીએસે ૭૦નો ઉછાળો બતાવ્યો. આગામી દિવસોમાં ટીસીએસ રૂ. ૩૦૦૦ ઉપર આવી જાય તો નવાઈ નહીં લાગે. તેવી જ રીતે **એચસીએલ ટેકનોલોજી** પણ માર્ચ ક્વાર્ટરના પરિણામ પછી મંદીની પક્કડમાં ફસાયો હતો. પરંતુ હવે આ શેર જૂન ક્વાર્ટરના પરિણામ પછી નવી તેજીમાં દાખલ થવાની ગણતરી છે. રૂ. ૭૫૮ના ભાવે ધ્યાનમાં રાખજો અને ઉપરમાં રૂ. ૧૦૦૦નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે.

**ઓએનજીસી** હજી પણ મંદીની પક્કડમાં છે. ક્રૂડ ઘટ્યું અને તે પાછળ સબસીડીનો બોજો નીકળી ગયો હોવા છતાં ક્રૂડ ઘટી જતાં પોતાના ક્રૂડના પણ નીચા ભાવ મળશે તે ભય નથી જતો અને તેથી રૂ. ૨૨૦વાળા આ શેરમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૨૦૦ સુધી ભાવ ઉતરી જાય તો નવાઈ નહીં લાગે. એકદમ તેજીનું કામ શરૂ કરવાની ઉતાવળ ના કરાય.

મિડકેપ શેરોમાં **હિંદુસ્તાન ઝીંક**નો શેર મેજર અપટ્રેન્ડમાં આગળ વધતો જાય છે અને ખાસ કરીને સરકાર પોતાના બાકીના શેરો આવતાં થોડાં મહિનામાં વેચી નાંખશે તે ગણતરીએ આ શેરમાં ટ્રેન્ડ તેજીનો જળવાઈ રહેશે તેવી ગણતરી છે.

તેવી જ રીતે **આરઈસી** અને **પાવર ફિનાન્સ**ના શેરો પણ મજબૂત ઉછાળામાં છે.

ત્રણેય ઓઇલ માર્કેટિંગ કંપનીઓના શેરો ઘટ્યા હતા અને ખાસ કરીને **એચપીસીએલ** અને **બીપીસીએલ** છેલ્લાં ૧ મહિનામાં ઝડપથી વધ્યા હોવાથી થોડુંક પ્રોફીટ બુકીંગ અને કોન્સોલિડેશન જોવાય તે સ્વાભાવિક છે. પરંતુ ફંડામેન્ટલ ખૂબ મજબૂત થઈ ગયા હોવાથી આ કોન્સોલિડેશન પછી ભાવ ઝડપથી વધવાની જગ્યા છે.

રૂ. ૬૪-૬૫ ઉપર આવી ગયેલા **ફેડરલ બેન્ક**ના શેરમાં શોર્ટટર્મ ખેલાડીઓ રૂ. ૭૦નો ભાવ જોઈ રહ્યા છે અને તેમાં નફાનો મજબૂત સપોર્ટ છે.

રૂ. ૪૭૪ના ભાવે **ટાટા કેમિકલ્સ**નો શેર કવર કરી શકાય. ટાટા ગ્રૂપની આ કંપની ખેતી સાથે સંકળાયેલો બિઝનેસ અને ક્લોર આલ્કલીનો ઈન્ડસ્ટ્રીયલ બિઝનેસ ધરાવે છે. નફો ખૂબ સુંદર આવવાની ગણતરી છે અને ઉપરમાં રૂ. ૫૦૦-૫૨૫નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે રૂ. ૨૮૪ના ભાવે **મેરીકો**નો શેર પણ કવર કરી શકાય અને શોર્ટટર્મમાં જ રૂ. ૨૦નો ઉછાળો જોવાવાની ગણતરી છે. રૂ. ૩૦૦-૩૦૫નો ભાવ આવતાં થોડાં દિવસોમાં બેસે છે.

રૂ. ૧૧૯૯ના ભાવે **ડિવિઝ લેબોરેટરી**નો શેર કવર કરી શકાય અને તેમાં ભાવ ઝડપથી વધવાની જગ્યા છે.

રૂ. ૪૨૧ના ભાવે **ટાઈટન** અને રૂ. ૮૧૨ના ભાવે **યુનાઈટેડ બ્રુઅરી**નો શેર ધ્યાનમાં રાખજો અને ઓગસ્ટ મહિના દરમ્યાન આ બંને શેરોમાં સુંદર ઉછાળો જોવા મળવાની જગ્યા છે. રૂ. ૧૫૦૦ના ભાવે **કન્ટેનર કોર્પોરેશન**નો શેર પણ તેજીની પક્કડમાં છે.

**ડીશ ટીવી**નો શેર અત્યારના રૂ. ૧૦૩ના ભાવે ખાસ ધ્યાન ખેંચે છે. સુંદર ફંડામેન્ટલ અને અતિશય મજબૂત ચેનલ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક ધરાવતી ઝી ટેલિફિલ્મ ગ્રૂપની આ કંપનીના શેરમાં રૂ. ૧૦૩ના ભાવે થોડું રોકાણ કરી દેવાય. થોડાં દિવસો પહેલાં જ રૂ. ૯૦ના ભાવે શેર લેવડાવેલો અને આગામી દિવસોમાં રૂ. ૧૨૫-૧૩૦નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે. તેવી જ રીતે **ગુજરાત આલ્કલી**નો રૂ. ૨૭૪વાળો શેર કવર કરી શકાય. છેલ્લાં ૬ મહિના દરમ્યાન આ શેરે મજબૂત ઉછાળો બતાવ્યો છે અને ઝડપી ફરનારને રૂ. ૩૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

રૂ. ૩૫ના ભાવે મળતાં **મંગલમ ટિમ્બર**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે અને આગામી દિવસોમાં તેમાં રૂ. ૪૪-૪૫નો ભાવ આવી જવાની ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું ફોકસ **રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર** ઉપર વધ્યું છે. એક તબક્કે રૂ. ૫૩૦ સુધી ઉતરી ગયેલો આ શેર અત્યારે રૂ. ૬૦૭ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં તેમાં રૂ. ૬૩૦નો ભાવ જોવાવાની ગણતરી છે.

ટૂંકા ગાળાનું કરેક્શન પૂરું કરીને બજાર હવે નવી તેજીમાં આગળ વધી ગયું છે અને અત્યાર સુધી આવેલા ટોચની કંપનીઓના પરિણામો અપેક્ષા કરતાં ઘણાં જ સુંદર આવ્યા છે અને તેમાં પણ ભારત સરકારની કંપનીઓના તેમજ પ્રાઈવેટ બેન્કોના પરિણામો અપેક્ષા કરતાં પ્રોત્સાહક આવ્યા છે




**નિફ્ટી મેજર અપટ્રેન્ડમાં છે.**

**આરએસઆઈ ૬૬ ઉપર છે, જ્યારે એમએસીડી ઈન્ડિકેટર, સ્ટોકેસ્ટિક્સ ઈન્ડિકેટર અને સ્ટોકેસ્ટિક્સ આરએસઆઈ નિફ્ટીમાં તેજીનો સંકેત દર્શાવે છે.**

**૮૬૨૨ના સ્ટોપલોસથી તેજી કરાય અને ઉપરમાં ૮૬૬૨ પસાર થતાં ૮૬૮૬ અને તે પછી ૮૭૩૭ જોવાવાની ગણતરી.**

■ **ગ્લેનમાર્ક ફાર્મા,** મુંબઈની આ કંપની ફાર્મા સેક્ટરમાં સારા કામકાજ કરી રહી છે. પરદેશમાં પણ વેચાણો જોરદાર. રૂ. ૮૬૩ના ભાવે થોડાં શેરો લઈને મૂકી દેવાય અને ઉપરમાં રૂ. ૮૯૦-૯૦૦ના ભાવની ગણતરી છે.

■ **આરઈસી,** આખું નામ રૂરલ ઈલેક્ટ્રીફિકેશન કોર્પોરેશન એટલે વાસ્તવમાં તો ગામડાંઓને વીજળી આપવા માટેના પ્રોજેક્ટનું ધિરાણ કરતી હતી, પરંતુ તે પછી હવે અવનવા વીજ પ્રોજેક્ટોમાં ધિરાણ આપે છે. છેલ્લાં થોડાં દિવસોમાં જ રૂ. ૧૭૦થી વધીને રૂ. ૨૦૯ ઉપર આવી ગયો છે. નફો જોરદાર છે એટલે બીજી ચિંતાનું કારણ પણ નથી. આવતાં થોડાં દિવસોમાં રૂ. ૨૩૦નો ભાવ આવવાની ગણતરી.

■ **ફેડરલ બેન્ક,** રૂ. ૫૦ના ભાવે લેવડાવેલો અને તે પછી રૂ. ૬૦માં પણ લેવડાવ્યો હતો. અત્યારે વધીને રૂ. ૬૩.૮૫ ઉપર આવ્યો છે. નફો જોરદાર અને નફાની રીતે વાત કરીએ તો ફીટ રૂ. ૧૦૦નો ભાવ ફંડામેન્ટલ એનાલિસ્ટ તમને દર્શાવશે. પરંતુ જ્યારે શોર્ટટર્મ ખેલાડીની વાત કરીએ ત્યારે ટેકઓવર કે તેવા કોઈ સમાચારોની સંભાવના.

## મારૂતી સુઝુકી : હજી થોડો વધે




દેશની ટોચની ઓટોમોબાઈલ કંપની મારૂતી સુઝુકીનો શેર ચાણક્યમાં છેક રૂ. ૩૪૦૦-૩૬૦૦ના ભાવથી લેવડાવતા હતા અને તમને યાદ હશે કે દરેક વખતે આ શેરમાં રૂ. ૪૦૦૦નું લેવલ જોવાશે તેવું લક્ષ્યાંક આપેલું અને તે પછીના તબક્કામાં રૂ. ૪૪૦૦ના ભાવની વાત પણ કરી હતી. પરંતુ મારૂતી સુઝુકીનો શેર અત્યારે પરિણામની જાહેરાત પછી ઝડપથી વધીને રૂ. ૪૭૫૮ આવી ગયો છે અને ગુરૂવારે તો આ શેરે એક જ સેશનમાં રૂ. ૨૦૦નો તોતિંગ ઉછાળો બતાવેલો.

મારૂતીમાં જાપાનીઝ પ્રમોટરો પાસે ૫૬.૨૧ ટકા હોલ્ડિંગ છે, જ્યારે ભારતીય સંસ્થાઓ અને રિટેલ ઈન્વેસ્ટરો પાસે કુલ ૪૩.૭૯ ટકા હોલ્ડિંગ છે. કંપનીના પ્રથમ ક્વાર્ટરના પરિણામો ખૂબજ સુંદર આવ્યા છે અને ફોરેન કરન્સીની મૂવમેન્ટ થોડી નકારાત્મક હોવા છતાં અને કોમોડિટીના ભાવ પણ ખૂબ વધ્યા હોવા છતાં કંપનીનો ઓપરેટીંગ નફો મોટો ઉછાળો બતાવે છે, પરંતુ વોલ્યુમમાં ગયા વર્ષની સરખામણીમાં કેવળ ૨.૨ ટકાનો વધારો જ થયો છે.

કંપનીના વેચાણ વોલ્યુમ ૨.૧ ટકા વધી ૩૪૮૪૪૩ યુનિટ થયા છે. પરંતુ તે માટે હરિફાઈ કે અન્ય કોઈ કારણ નથી. પણ કંપનીના મુખ્ય સપ્લાયર્સ સબ્રોસના પ્લાન્ટમાં આગ લાગી હોવાથી એસીનો સપ્લાય અટકી ગયો હતો અને તેને કારણે લગભગ ૧ મહિનાના વેચાણોને ગંભીર અસર પડી છે. પરંતુ હવે તે પરિસ્થિતિ ઉકલી ગઈ છે અને હવે નોર્મલ લેવલ ઉપર વેચાણો આવતા જાય છે.

સામે પક્ષે કંપનીની સરેરાશ વેચાણ કિંમતો ગયા વર્ષની સરખામણીમાં ૯.૬ ટકા વધી છે અને રૂપિયાના મૂલ્યમાં વેચાણો ૧૧.૬ ટકા વધી ગયા છે ગ્રોસ માર્જીનમાં લગભગ ૪૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો થયો છે, જ્યારે જાહેરખબર ખર્ચ વધ્યો હોવાને કારણે અને રોયલ્ટીમાં ફોરેન કરન્સીની અસરને કારણે નેટ માર્જીનને અસર પડી છે અને તે રીતે કંપનીએ ૧૪૦ બેઝિક પોઈન્ટના ઘટાડા સાથે ૧૪.૮ ટકાનો ઓપરેટીંગ નફાનો માર્જીન મેળવ્યો છે.

આ શેરમાં આગામી સમયગાળામાં રોકાણ જાળવી શકાય. કંપની ખૂબજ મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો ધરાવે છે અને તાજેતરમાં તેણે જે ૩ મુખ્ય મોડેલો લોન્ચ કર્યા તે સિઆઝ, એસક્રોસ અને બ્રેઝાને ઘણો સારો રિસ્પોન્સ મળ્યો છે અને સિઆઝને કારણે કંપની હવે અપર અને પ્રિમિયમ માર્કેટમાં પણ પોતાનું સ્થાન બનાવી શકી છે.

આ ઉપરાંત ભારતનો આર્થિક વૃદ્ધિદર સુધરે અને ચોમાસાની પોઝિટીવ અસરને કારણે ગ્રામ્ય માંગ પણ વધે તે પાસું પણ ધ્યાનમાં રાખવું પડે. નવા મોડેલોને પરદેશના માર્કેટમાં પણ સુંદર રિસ્પોન્સ મળ્યો છે અને સાથે સાથે સાતમા પગારપંચની ભલામણોને કારણે સરકારી કર્મચારીઓની વાહનની માંગ પણ ઉંચકાવાની સંભાવના ખૂબ મજબૂત છે.

સને ૨૦૧૬-૧૭માં વેચાણો ૧૭ ટકા વધી રૂ. ૬૭૬૨૦ કરોડ થવાની ગણતરી છે. લક્ષ્યાંક રૂ. ૫૦૦૦નું.







## મધરસનસુમી : ખરીદાય




ઓટો એન્સિલરી સેક્ટરની આ કંપની સંવર્ધના મધરસન ગ્રૂપની ફ્લેગશીપ કંપની છે અને સને ૧૯૮૬માં આ કંપનીની સ્થાપના થઈ હતી. નોઈડા ખાતે મુખ્ય મથક ધરાવતી આ કંપની જાપાનના સુમીટોમાં વાયરીંગ સિસ્ટમ અને ભારતની કંપનીનું સંયુક્ત સાહસ છે અને મારૂતીના મુખ્ય સપ્લાયર તરીકે આ કંપની શરૂઆતના વર્ષોમાં વાયર હાર્નેસનું ઉત્પાદન કરતી હતી.

આજથી ૪૦ વર્ષ પહેલાં ફિઆટ અને એમ્બેસેડર ગાડીમાં નોર્મલ ઈલેકટ્રીક વાયરોનો ઉપયોગ થતો હતો, પરંતુ ભારતમાં મારૂતીના પ્રવેશની સાથે સાથે સંપૂર્ણ ઈલેકટ્રીક સિસ્ટમમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે અને હવે મધરસનસુમી આખી ગાડીનું કમ્પલીટ વાયરીંગ એક બોક્સમાં જ સપ્લાય કરે છે અને તેમાં ગાડીના દરેક ભાગ માટેનું સંપૂર્ણ વાયરીંગ મારૂતી જેવા ઉત્પાદકો સરળતાથી જોડીને કાર્યરત કરી શકે છે. ૧૯૮૬માં એક સંયુક્ત સાહસ તરીકે શરૂ થયેલી આ કંપનીને તે પછીનાં વર્ષોમાં ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે પ્લાસ્ટિક કમ્પોનન્ટ અને મોડ્યુલના બિઝનેસમાં પણ પ્રવેશ કર્યો અને તે પછી પેસેન્જર કાર માટેના મીરર, ઈન્જેક્શન મોલ્ડેડ પ્રોડક્ટ, ડેશબોર્ડ, ડોર ટ્રીમ, બમ્પર, લિક્વીડ સિલિકોન રબર મોલ્ડેડ કમ્પોનેન્ટ, ઈન્જેક્શન મોલ્ડીંગ ટૂલ્સ, રબર પ્રોડક્ટો, મેટલ કમ્પોનન્ટ વગેરે પ્રોડક્ટોનું ઉત્પાદન પણ આ કંપનીએ શરૂ કર્યું છે અને આ વિવિધ પ્રોડક્ટો માટે કંપનીએ પરદેશના અલગ અલગ ઉત્પાદકો સાથે સંયુક્ત સાહસ કરીને આધુનિક ટેકનોલોજી અપનાવી છે. અગાઉ મારૂતીના પ્લાન્ટની નજીક નોઈડા ખાતે આ કંપનીનો પ્લાન્ટ હતો. પરંતુ અત્યારે કંપની મલ્ટી લોકેશન, મલ્ટી યુનિટ મેન્યુફેકચરીંગ ધરાવે છે અને સંપૂર્ણ ઓનલાઈન પ્રોસેસ કંટ્રોલ ધરાવી રહી છે. મેક્સિકો, અમેરિકા, આયર્લેન્ડ, ઈંગ્લેન્ડ, જર્મની, ઈટાલી, યુનાઈટેડ આરબ અમિરાત, સિંગાપુર, થાઈલેન્ડ, સાઉથ કોરિયા અને જાપાનમાં પણ કંપનીના પ્લાન્ટ આવેલા છે અને હવે મારૂતી સુઝુકીના મોડેલોને મળેલી જોરદાર સફળતા અને તેના વેચાણોમાં મોટા ઉછાળાનો ફાયદો મધરસનસુમીને પણ મળી શકશે. આ શેરમાં એક વર્ષ અગાઉ રૂ. ૩૯૬નું ટોપ ઓગસ્ટ-૨૦૧૫માં જોવાયું હતું, પરંતુ તે પછી ફેબ્રુઆરી-૨૦૧૬માં આ શેર રૂ. ૨૦૬ સુધી નીચો આવી ગયેલો.

કંપનીના પ્રમોટરો પાસે ૬૫.૬૧ ટકા હોલ્ડિંગ છે, જ્યારે સંસ્થાઓ અને રિટેલ ઈન્વેસ્ટરો પાસે કુલ ૩૪.૩૯ ટકા શેરો છે.

મધરસનસુમીએ સને ૨૦૧૫-૧૬ વર્ષમાં રૂ. ૫૩૫૦ કરોડના કુલ વેચાણો ઉપર રૂ. ૭૧૧ કરોડનો નેટ નફો અને રૂ. ૫.૩૮ની શેરદીઠ કમાણી હાંસલ કર્યા હતા. માર્ચ-૨૦૧૬ ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૧૪૫૧ કરોડના વેચાણો ઉપર રૂ. ૨૩૫ કરોડનો નેટ નફો અને રૂ. ૧.૭૮ની શેરદીઠ કમાણી હાંસલ કર્યા છે અને હવે જૂન ક્વાર્ટરના પરિણામો ૧૦મી ઓગસ્ટે જાહેર થવાના છે અને તે પણ ખૂબજ સુંદર આવવાની અપેક્ષા છે. રી રેટીંગ સાથે આ શેરમાં રૂ. ૩૫૦ જોવાય.













Correction : In the Notice of Board meeting of Shri Jagdamba Polymers ltd published on 3rd August 2016, the date of notice by mistake was printed as 20.05 2016 instead of correct date 03.08.2016 and hence the said notice is published again today .

**SHRI JAGDAMBA POLYMERS LTD.**
**CIN : L17239GJ1985PLC007829**
**REGD. OFFICE : 802, NARNARAYAN COMPLEX, NEAR NAVRANGPURA POST OFFICE , NAVRANGPURA , AHMEDABAD : 380009. GUJARAT**
**Email: admin@jagdambapolymers.com, website: www.shrijagdamba.com, Tel: 079-26565792, Fax: 079-26430201**

**NOTICE**

**NOTICE** is hereby given pursuant to Regulation 47 of SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015 that the Board of Directors meeting of **SHRI JAGDAMBA POLYMERS LIMITED** will be held on Friday, 12th August, 2016 at the registered office of the company at 4:00 pm for consideration of (a) Unaudited quarterly results along with Limited review report for Quarter ended on 30th June, 2016. (b) To fix date, time, Venue for Annual General Meeting of the company (c) To fix date for Closure of Register of Members for the purpose of Annual General Meeting and eligibility of members for Dividend if declared. To fix Cut-off date for eligibility of members for Remote E-voting at Annual General Meeting. (d) To Regularisation of additional Director Mr. Mahesh Joshi as Director of the company (e) To Consider and approve Notice, Director Report including Annexures (f) Any other Matter which the Board deems fit, with the permission of the Chairman.

Information in this regard is also available on the website of the company i.e. www.shrijagdamba.com and on the website of stock exchange i.e. www.bseindia.com

Also note that the trading window shall remain close from date of the letter till two Working days after the date of declaration of results.

**For, Shri Jagdamba Polymers Ltd.**
**Sd/-**
**Krushang Shah**
**Company Secretary**

**Date : 03.08.2016**
**Place: Ahmedabad**

**DYNAMIC INDUSTRIES LIMITED**
**Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445**
**Tel : 25897221-22-23, Fax: 25834292**
**CIN : L24110GJ1989PLC011989**
**Email : accounts@dynaind.com Website : www.dynaind.com**

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફડાઈરેક્ટર્સની મીટિંગ ૧૧મી ઓગસ્ટ,૨૦૧૬,ગુરુવારના રોજ સાંજે ૫:૩૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી જુન,૨૦૧૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક સમયગાળા અન-ઓડીટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ **http://dynaind.com/investors_zone.html** અને બીએસઈની વેબસાઈટ **www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/** પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
હર્ષ રમેશભાઈ હીર્પરા
કંપની સેક્રેટકરી

સ્થળ: અમદાવાદ
તારીખ :૪ ઓગસ્ટ,૨૦૧૬